# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

આયોગ દ્વારા આપવામાં આવેલ નીચે મુજબની જાહેરાતોની પરીક્ષા માહે મે-૨૦૧૯ દરમ્યાન ગાંધીનગર/અમદાવાદના વિવિધ પેટા કેન્દ્રો ખાતે યોજાનાર છે. આ જગ્યાઓની પ્રાથમિક કસોટી/સ્પર્ધાત્મક પરીક્ષાના અભ્યાસક્રમ આયોગની https://gpsc.gujarat.gov.in વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

| ક્રમ (૧) | જગ્યાનું નામ (૨) | જાહેરાત ક્રમાંક (૩) | પ્રાથમિક/મુખ્ય કસોટીની તારીખ અને સમય (૪) | પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની તારીખ (૫) |
|---|---|---|---|---|
| ૧ | મદદનીશ નિયામક (ભૌતિક જૂથ), સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૧ | ૧૨૦/૨૦૧૮-૧૯ | ૧૧-૦૫-૨૦૧૯(શનિવાર) ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૩૦-૦૪-૨૦૧૯ |
| ૨ | પેથોલોજીના ટ્યુટર, વર્ગ-૨ (ખાસ ભરતી) | ૧૧૪/૨૦૧૮-૧૯ | ૧૧-૦૫-૨૦૧૯(શનિવાર) ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૩૦-૦૪-૨૦૧૯ |
| ૩ | પ્રાધ્યાપક (હોમિયોપેથિક મટિરીયા મેડિકા), વર્ગ-૧ | ૪૭/૨૦૧૮-૧૯ | ૧૧-૦૫-૨૦૧૯(શનિવાર) ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૩૦-૦૪-૨૦૧૯ |
| ૪ | પ્રાધ્યાપક (હોમિયોપેથિક ઓર્ગેનન ઓફ મેડિસીન), વર્ગ-૧ | ૪૮/૨૦૧૮-૧૯ | ૧૧-૦૫-૨૦૧૯(શનિવાર) ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૩૦-૦૪-૨૦૧૯ |
| ૫ | રીડર (હોમિયોપેથિક મટિરીયા મેડિકા), વર્ગ-૧ | ૫૬/૨૦૧૮-૧૯ | ૧૨-૦૫-૨૦૧૯(રવિવાર) ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૩૦-૦૪-૨૦૧૯ |
| ૬ | રીડર (હોમિયોપેથિક ફાર્મસી), વર્ગ-૧ | ૫૭/૨૦૧૮-૧૯ | ૧૨-૦૫-૨૦૧૯(રવિવાર) ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૩૦-૦૪-૨૦૧૯ |
| ૭ | રીડર (હોમિયોપેથિક ઓર્ગેનન ઓફ મેડિસીન), વર્ગ-૧ | ૫૮/૨૦૧૮-૧૯ | ૧૨-૦૫-૨૦૧૯(રવિવાર) ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૩૦-૦૪-૨૦૧૯ |
| ૮ | બાયોકેમેસ્ટ્રીના ટ્યુટર, વર્ગ-૨ | ૧૧૭/૨૦૧૮-૧૯ | ૧૨-૦૫-૨૦૧૯(રવિવાર) ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૩૦-૦૪-૨૦૧૯ |
| ૯ | ગુજરાતી પ્રતિવેદક, વર્ગ-૨ | ૧૦૮/૨૦૧૮-૧૯ | ૧૨-૦૫-૨૦૧૯(રવિવાર) ૧૧:૦૦ થી ૦૧:૦૦ | ૩૦-૦૪-૨૦૧૯ |
| ૧૦ | નાયબ સેક્શન અધિકારી/ નાયબ મામલતદાર, વર્ગ-૩ (મુખ્ય પરીક્ષા) | ૫૫/૨૦૧૮-૧૯ | ૧૯-૦૫-૨૦૧૯(રવિવાર) ૨૬-૦૫-૨૦૧૯ (રવિવાર) ૧૦:૦૦ થી ૦૧:૦૦ ૦૩:૦૦ થી ૦૬:૦૦ | ૦૮-૦૫-૨૦૧૯ |

જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ છે તેવા તમામ ઉમેદવારોને આ કસોટીમાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે. ઉપર્યુક્ત જાહેરાતોના સંબંધિત ઉમેદવારોએ કોલમ (૫) માં દર્શાવેલ તારીખે બપોરના ૦૧:૦૦ કલાક થી પરીક્ષાના દિવસે પરીક્ષા શરૂ થવા સુધીમાં પોતાના પ્રવેશપત્ર, હાજરીપત્રક તથા ઉમેદવારોની સૂચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) "Online" ડાઉનલોડ કરવાના રહેશે, **<u>જ્યારે જા.ક્ર. ૫૫/૨૦૧૮-૧૯ માટે ફક્ત પ્રવેશપત્ર તથા ઉમેદવારોની સૂચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) "Online" ડાઉનલોડ કરવાના રહેશે.</u>** પ્રવેશપત્ર "Online" ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર/સ્ટેપવાઈઝ કાર્યવાહી કરવાની રહે છે. (૧) https://gpsc-ojas.gujarat.gov.in પર જવું. (૨) **"Call Letter Form">> "Preliminary Exam Call Letter / Main Exam Call letter/Form"** પર **"Click"** કરવું. (૩) અહીં ઉમેદવારે પોતાની **"Job Select"** કરવી તથા **"Confirmation Number"** અને **"Birth Date"** ટાઈપ કરવાના રહેશે. (૪) હવે **"Print Call Letter"** પર **"Click"** કરી, પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. હાજરીપત્રકમાં નોંધની અંદર પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ પર **"Click"** કરવાથી ઉમેદવારની સૂચનાઓ પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ની પ્રિન્ટ નીકળશે. આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચૂક કાઢવામાં આવે તેની નોંધ લેવી. પ્રવેશપત્ર અને હાજરીપત્રક અલગ અલગ કાગળ પર પ્રિન્ટ કરવાના રહેશે. પરીક્ષા સમયે બંને સાથે લાવવાના રહેશે. ફોટાવાળું હાજરીપત્રક પરીક્ષા ખંડમાં પરત સોંપવાનું રહેશે. જે ઉમેદવારોના ફોટા હાજરીપત્રકમાં સ્પષ્ટ જોઈ શકાય તેવા આવેલા ન હોય, તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો પરીક્ષા કેન્દ્ર પર લાવવાનો રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે, તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે.

**<u>ખાસ નોંધ:-</u>** (૧) પોસ્ટ ઓફિસમાં કે ઓનલાઇન અરજી ફી ભરેલ નથી, તેવા બિન અનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રથમ આયોગ ભવન (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર **"Application Not Found"** નો મેસેજ આવતો હોય, તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગ ભવન ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

તા.૨૯-૦૪-૨૦૧૯